# જરૂર છે કાવ્ય શિક્ષકોની......

અત્યારે શાળા-કોલેજોમાં ભાષાના શિક્ષણથી શિક્ષણવિદ્ કે ભાષાવિદ્ને સહેજ પણ સંતોષ નથી. ભાષા શિક્ષણનો હેતુ જ શિક્ષકોએ બદલી નાંખ્યો છે. ભાષા શીખવવાનો મુખ્ય હેતુ ભાષાના મુખ્ય ચાર કૌશલ્યો શ્રવણ-કથન-વાંચન અને લેખન ખિલવવાનો છે. ઉપરાંત વિદ્યાર્થીઓને સાહિત્યમાં રસ લેતા કરવા અને વ્યાકરણનું જ્ઞાન આપવું. જે કામ ભાગ્યે જ શિક્ષકો કરતા હોય તેવું લાગે છે. તેમાં પણ કાવ્યશિક્ષણ તો મરી પરવાર્યું છે તેમ કહેવામાં સહેજ પણ અતિશ્યોક્તિ નથી. અહીં કાવ્યશિક્ષણને લઇને કેટલીક વાત કરવી છે. કાવ્યને લઇને કેટલાક મુદ્દા વિચારો. દરેક મુદ્દો ઘણું ઘણું કહી જાય છે. કાવ્ય એ તો અનુભવવાનો વિષય છે. કાવ્ય એ કાનની કળા છે. કાવ્ય શીખી કે શીખવી ન શકાય. તે માણી શકાય. કવિતા શીખવાની વસ્તુ નથી, પામવાની વસ્તુ છે. જેમ પ્રેમ કરવાની કોઇ એક રીત નથી, તેમ કાવ્ય શીખવવાની કોઇ એક રીત નથી.

વર્ગખંડમાં મોટાભાગના શિક્ષકો કાવ્યને ગદ્યમાં ફેરવીને અર્થ સમજાવે છે. જો કવિને અર્થ જ જણાવવાનો હોત તો કાવ્યની રચના કરવા લાંબી મહેનત શા માટે કરે? ગદ્યનો એક ફકરો લખી નાંખ્યો હોત તો પણ ચાલે જ ને ! કેટલાક શિક્ષક કાવ્ય શીખવતી વખતે અઘરા શબ્દો, અલંકાર, છંદ, સમાસ વગેરેનું સંયોજન સમજાવીને દરેક બાબતને વિદ્યાર્થી સામે વ્યાકરણ સમજાવતા હોય તેમ રજૂ કરે છે. આમ કાવ્યને મારી નાંખે છે. ગદ્ય કરતાં પદ્યમાં ભાવ, સંયોગ અને ઉભારની ક્ષમતા વધારે હોય છે. પદ્યને પણ જ્યારે ગાનવિદ્યા સાથે જોડવામાં આવે ત્યારે ભાવનાનો પ્રવાહ વધારે પૂર્ણતારૂપે ખીલે છે. ગાયનમાં શરીર, મન અને આત્મા ત્રણેને બળવાન બનાવનારાં તત્વો પૂરી માત્રામાં હાજર હોય છે. માટે જ કવિએ પદ્યની રચના કરી હોય છે. કાવ્ય ભણવાનું નથી હોતું, માણવાનું હોય છે. તેનો આસ્વાદ કરવાનો હોય છે. કાવ્યને પીવાનું હોય છે. કાવ્યમાં કવિની સંવેદનાના સહભાગી થવાનું છે. કવિતામાં શબ્દોરૂપી માધ્યમ દ્વારા ભાવ સુધી પહોંચવાનું છે. વિદ્યાર્થીને જ્ઞાનથી પર કલ્પનાની દુનિયામાં વિહાર કરાવવાનો છે. શિક્ષકે કાવ્યને એવી રીતે ઉછાળવાનું છે કે વિદ્યાર્થી તેને પકડીને તેના રસપ્રવાહમાં ઘસડાતો જાય અને રસાસ્વાદ કરતાં કરતાં કાવ્યના અર્થ અને વ્યંજનાને આપોઆપ સમજે. વિદ્યાર્થી એકરૂપ થાય, કાવ્યનું સૌંદર્ય માણે, શબ્દના અર્થ દ્વારા કાવ્યનો અર્થ સમજાવવાનો નથી. ભાવ-લાગણીનો વિદ્યાર્થીને અનુભવ કરાવવાનો છે. કાવ્યમાં શૈક્ષણિક સાધનોનો ઓછામાં ઓછો ઉપયોગ કરો. વિદ્યાર્થીને કલ્પના જગતમાં વિહરવા દો. તેમની કલ્પના શક્તિને કુંઠિત ન કરો.

કાવ્યશિક્ષણ વખતે કવિએ શું કહ્યું છે તેના કરતાં તેમની સંવેદના કેવી રીતે વ્યક્ત કરી છે તે તરફ ધ્યાન દોરો. વિદ્યાર્થીઓને મજા કરાવવાની છે, વિદ્યાર્થીને મજા પડી કે નહીં તેની ખબર કેવી રીતે પડે ? તેમના ચહેરા પરના ભાવ પરથી. એક ઉદાહરણ આપું. નમૂનાનો પાઠ આપવા મેં ધોરણ નવમાં એક કાવ્ય શીખવાડેલ. કાવ્ય શીખવાડ્યા પછી હું શૌચાલય ગયો હતો. જ્યાં મારી પહેલાં કેટલાક વિદ્યાર્થીઓ શૌચાલયમાં હતા. મેં પ્રવેશ કર્યો ત્યારે તેમાંથી બે વિદ્યાર્થીઓ મેં જે કાવ્ય શીખવાડેલ તેની પંક્તિઓ ગાઇ રહ્યાં હતા. મને થયું કે, આજનું મારું કામ સફળ. કાવ્ય શીખવાડ્યા પછી તેમના ચહેરા પરથી ખ્યાલ આવેલો કે વિદ્યાર્થીઓને મજા આવી હશે, પણ તેમને જ્યારે શૌચાલયમાં કાવ્યની પંક્તિ ગાતાં સાંભળ્યા ત્યારે મને આનંદની સાચી અનુભૂતિ થયેલ.

કાવ્યની રજૂઆત માત્ર શબ્દોથી ન થાય, ભાવ અને ગાન પણ જોઇએ. સામવેદ ગ્રંથની રચના કેમ કરવામાં આવી? તેની પાછળનો એક હેતુ ગાનનો પણ હતો. સામવેદમાં આવેલ ઋચાનું ગાન થઇ શકે છે. આમ જોવા જઇએ તો સામવેદમાં અગ્નિ, ઇન્દ્ર, સોમરસ વગેરેને સંબોધીને ૧૮૭૫ ઋચાઓની રચના કરવામાં આવેલ છે. આટલી ઋચાઓમાં સમાન બાબતો હોવા છતાં રજૂ કરવાની શૈલી તેનું જબરદસ્ત જમા પાસું છે. અન્ય આપણા પૌરાણિક અનેક ગ્રંથોની રચના પદ્ય શૈલીમાં કરવામાં આવી છે. જેમાં રચેયિતાને ખૂબ જ

મહેનત પડી હશે. તો પણ ગદ્યમાં રચના ન કરતા પદ્યમાં રચના કરવા પાછળનો હેતુ કયો હશે ? તે વિચારશો તો પણ કાવ્ય શીખવતી વખતે તમારો હેતુ કે પ્રયત્ન બદલાઈ જશે. ગણિત વિષય અઘરો ગણાય છે, પણ ગણિતના શિક્ષકને તે ભણાવવાની ખૂબ જ મજા આવે છે. તેમ કાવ્ય શિક્ષણ પણ ભલે અઘરું ગણાતું હોય, પણ ભણાવવાની મજા આવવી જોઈએ. જે શિક્ષક કાવ્યનો આનંદ લૂંટી શકતો નથી, તે જ્યારે કાવ્ય ભણાવે ત્યારે તે અઘરું બની જાય છે. આવું વારંવાર થવાથી વિદ્યાર્થીઓ કંટાળે છે અને કાવ્યથી દૂર ભાગે છે. તેમને બિચારાને એ પણ ખબર નથી હોતી કે, કાવ્ય શા માટે અને કેવી રીતે? કૂવામાં હોય તો હવાડામાં આવે ને ! બાળકો બાથરૂમમાં ન્હાતા ન્હાતા પણ ફિલ્મી ગીતો કેમ ગાય છે? કારણકે તેમની સામે ફિલ્મી ગીતો એવી રીતે રજૂ થયા હોય છે કે તેમને સાંભળવા ગમે છે. જેથી તે વારંવાર સાંભળે છે, જે તેમને યાદ રહી જાય છે. મજા આવતી હોવાથી અવારનવાર બાથરૂમમાં ન્હાતા ન્હાતા પણ ગાય છે. તો શિક્ષક દ્વારા પણ કાવ્યની સુંદર રીતે રજૂઆત કરવામાં આવતી હોત તો તે કાવ્ય પણ વિદ્યાર્થીઓને ગમે પણ ખરું અને યાદ પણ રાખે અને વારંવાર ગાન પણ કરે. જો શિક્ષક જ કાવ્યનો આનંદ લૂટી ન શકતો હોય તો વિદ્યાર્થીઓને કેવી રીતે લૂંટતા કરશે? આમ કાવ્યનો આનંદ વિદ્યાર્થીને કરાવતા પહેલાં શિક્ષકે કરવો જોઈએ. કાવ્ય ભણાવવું ત્યારે જ કઠિન બને છે, જ્યારે તેને પામ્યા કે માણ્યા સિવાય ભણાવવામાં આવે. માટે જ ભવિષ્યમાં ભાષાના શિક્ષકો માટે જાહેરાત આવે કે " જરૂર છે કાવ્ય શિક્ષકની" તો નવાઈ ન પામતા. કારણકે, ભાષાના બધા શિક્ષક કાવ્ય શિક્ષક હોતા નથી